
# અડવાણીના રાજીનામાનાં પગલે ભાજપમાં ભૂકંપ

નવી દિલ્હી,તા. ૧૦



ભાજપના વરિષ્ઠનેતા અડવાણી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ચૂંટણી પ્રચાર સમિતિના વડા બનાવવામાં આવ્યા બાદ આને લઈને ખૂબજ લાલઘૂમ થયેલા છે. મોદીને પ્રચાર સમિતિના વડા બનાવવામાં આવ્યા બાદ અડવાણીએ તેમની નારાજગી વ્યક્ત કરીને પક્ષના તમામ હોદ્દાઓ પરથી આજે રાજીનામુ આપી દીધુ હતુ. આની સાથે જ ભાજપમાં પડેલી તિરાડ વધુ ઘેરી બની છે. ભાજપના સ્થાપક સભ્યો પૈકીના એક ૮૫ વર્ષિય અડવાણીને પક્ષના મુખ્ય લીડર તરીકે ગણવામાં આવતા હતા, પરંતુ તાજેતરના વર્ષોમાં નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાની સામે અડવાણી પણ નબળા સાબિત થયા છે. અટલ બિહારી વાજપેયી બાદ અડવાણીને ભાજપના સૌથી શક્તિશાળી લીડર તરીકે ગણવામાં આવે છે. પક્ષના તમામ હોદ્દાઓ પરથી અડવાણીએ આજે રાજીનામુ આપ્યુ હતુ. અડવાણીએ સંસદીય બોર્ડ, રાષ્ટ્રીય કારોબારી અને ચૂંટણી સમિતિમાંથી રાજીનામુ આપી દીધુ છે. પક્ષ પ્રમુખ રાજનાથસિંહને લખવામાં આવેલા પત્રમાં અડવાણીએ તમામ હોદ્દા પરથી રાજીનામુ આપી દેવાની વાત કરી છે. રાજનાથસિંહે ગઈકાલે જ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ચૂંટણી પ્રચાર સમિતિના ચેરમેન તરીકે મોદીની નિમણૂંકની જાહેરાત કરી હતી. રાજનાથસિંહે ઠેરવ્યુ હતુ કે ભાજપ શ્યામાપ્રસાદ મુખર્જી, દિનદયાલ ઉપાધ્યાય, નાનાજી દેશમુખ અને વાજપેયી દ્વારા રચવામાં આવેલી એકજ વિચારધારા પર વધારે આગળ વધી શક્યા નથી. નવી વિચારધારા લાવવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે છેલ્લા ઘણા સમયથી પક્ષની કામ કરવાની રીતમાં બદલાવની જરૂર હતી. બીજીબાજુ અડવાણીએ તેમના એક પાનાના રાજીનામાના પત્રમાં કહ્યુ છે કે અમારા પૈકીના મોટાભાગના લોકો તેમના અંગત એજન્ડા સાથે અગળ વધી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરોગ્યના કારણો મૂકીને ગોવામાં યોજાયેલી ભાજપની ત્રણ દિવસની કારોબારીમાં અડવાણી ઉપસ્થિત રહ્યા ન હતા. પ્રથમ વખત અડવાણી રાષ્ટ્રીય કારોબારીમાંથી દૂર રહ્યા હતા અને હોદ્દેદારો અડવાણીની તરફેણ કરી રહ્યા ન હતા.

પત્રમાં અડવાણીએ કહ્યુ છે કે તેમની સમગ્ર લાઈફ જનસંઘમાં ગઈ છે. જનસંઘની સેવામાં તેઓ જોડાયેલા રહ્યા હતા. અડવાણીનો પત્ર સવારે ૧૧ વાગ્યે સિંહને અંગતરીતે આપવામાં આવ્યો હતો. અડવાણી અને સિંહ ત્યારબાદ ૧૨.૩૦ વાગ્યે મહત્વની મિટિંગ યોજી હતી. સૂત્રોનું કહેવું છે કે રાજનાથસિંહ અને મોદી અડવાણીના આવાસ પર ગયા હતા. અડવાણીએ છેલ્લા કેટલાક દિવસથી મોદીની બઢથી સામે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. રસપ્રદ બાબત એ છે કે પક્ષના વરિષ્ઠનેતાઓ અડવાણીની સાથે દેખાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે પક્ષની કારોબારીની બેઠકમાં છેલ્લા દિવસે રાજનાથસિંહે સાહસી નિર્ણય કરીને અડવાણીને આરોગ્યના કારણોસર દૂર રાખ્યા હતા અને નરેન્દ્ર મોદીને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકે જવાબદારી સોંપી હતી. દરમ્યાન અડવાણીના આવાસ પર પણ બેઠકોનો દોર જારી રહ્યો છે.

## અડવાણીના રાજીનામાથી ભાજપ નબળુ પડશે : જોષી

નવી દિલ્હી,તા. ૧૦

ભાજપમાં તમામ હોદ્દાઓ પરથી પક્ષના વરિષ્ઠનેતા એલકે અડવાણીએ રાજીનામુ આપી દીધા બાદ પક્ષના અન્ય વરિષ્ઠનેતાઓ જુદી જુદી પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. આના ભાગરૂપે મુરલી મનોહર જોષીએ રાજનાથસિંહને એમ કહ્યુ હોવાનું જાણવા મળ્યુ છે કે અડવાણીના રાજીનામાથી ભાજપને મોટો ફટકો પડશે અને પક્ષની સ્થિતિ નબળી પડશે. બીજી બાજુ પક્ષના અન્ય વરિષ્ઠનેતા ઉમાભારતી પણ કરી ચુક્યા છે કે આજના ઘટનાક્રમથી તેઓ પોતે પણ ગુંચવણભરી સ્થિતિમાં છે. ઉમાભારતી આવતીકાલે અડવાણીને મળીને પોતાની રજુઆત કરે તેવી શક્યતા છે.

# અડવાણીના રાજીનામાને સ્વીકારવા રાજનાથની ના

### અડવાણીના નિવાસસ્થાને બેઠકોનો દોર : તમામ ટોચના નેતાઓ રાજીનામુ પરત ખેંચી લેવા પક્ષના વરિષ્ઠનેતાને સમજાવવાના પ્રયાસમાં : ભાજપમાં સોપો

નવી દિલ્હી,તા. ૧૦

ભાજપની ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની નિમણૂંક કરવામાં



આવ્યા બાદ આને લઈને એલકે અડવાણીએ પક્ષના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપી દેતા પક્ષમાં સોપો પડી ગયો છે. બીજી બાજુ ભાજપ પ્રમુખ રાજનાથસિંહ સંસ્થાકિય હોદ્દાઓ પરથી અડવાણીના રાજીનામાને સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે અને કહ્યુ છે કે તેમના રાજીનામાના મામલે ફેરવિચારણા કરવામાં આવશે. પક્ષના સૂત્રોનું કહેવું છે કે તેમના નિર્ણય પર ફેરવિચારણા કરવા અડવાણીને સમજાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજનાથસિંહે સોશિયલ મીડિયા પર વાત કરતા કહ્યુ છે કે પક્ષની નેતાગીરી અડવાણીને સમજાવવાના પ્રયાસમાં વ્યસ્ત છે. અડવાણીએ આજે ભાજપમાં તમામ મોટા હોદ્દાઓ પરથી રાજીનામુ આપ્યુ હતુ અને આક્ષેપ કર્યો હતો કે પક્ષના નેતાઓ અંગત એજન્ડાએ આગળ વધારી રહ્યા છે. બીજીબાજુ અડવાણીના નિવાસ સ્થાન પર મિટિંગોનો દોર ચાલી રહ્યો છે. પક્ષના વરિષ્ઠનેતા સુષ્મા સ્વરાજ પણ અડવાણીના આવાસ પર પહોંચ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે અડવાણી તેમના નિર્ણય પર ફેરવિચારણા કરશે. બીજી બાજુ રાજનાથસિંહે માઈક્રો બ્લોગિંગ વેબસાઈટ ટ્વિટર પર કહ્યુ છે કે તેઓ અડવાણીને મળી ચુક્યા છે પરંતુ અડવાણી હજુ સુધી માન્યા નથી.

દરમિયાન વેંકૈયા નાયડુ, અનંતકુમાર, બલવીરકુંજ, વીકે મલ્હોત્રા પણ અડવાણીના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને તેમનું રાજીનામુ પરત ખેંચી લેવા તેમને મનાવવાના પ્રયાસ કર્યા હતા. ભાજપના મીડિયા ઈન્ચાર્જ શ્રીકાંત શર્માએ કહ્યુ હતુ કે રાજનાથસિંહ અને અન્ય નેતાઓએ રાજીનામુ પાછુ ખેંચી લેવા અડવાણીને વિનંતી કરી છે. બીજીબાજુ ઉમા ભારતીએ આની સામે જુદી પ્રતિક્રિયા આપી છે. ઉમાભારતી જુદી રીતે અડવાણીને મળનાર છે. આવતીકાલે આ મિટિંગ યોજાય તેવી શક્યતા છે. તાજેતરમાં જ યોજાયેલી ગુજરાતમાં પેટા ચૂંટણીમાં મોદીએ શાનદાર દેખાવ કરીને ફરી એકવાર ભાજપને તમામ છ બેઠકો ભાજપને અપાવી હતી.

# મુંબઈમાં થયેલા વરસાદથી જનજીવનને પ્રતિકૂળ અસર

### દાદર સહિત ઘણી જગ્યાઓએ પાણી ભરાયા : મુંબઈમાં સવારમાં ટ્રાફિક જામના કારણે લોકો જુદી જુદી જગ્યઓએ અટવાયા : હાઈટાઈડની ચેતવણી જારી કરાઈ





મુંબઈ,તા. ૧૦

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પણ મોનસૂની વરસાદે એન્ટ્રી કરી લીધી છે. ગઈકાલથી જ મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. હવામાન વિભાગે હાઈટાઈડની ચેતવણી પણ જારી કરી છે. ભારે વરસાદ બાદ મુંબઈમાં ઘણી જગ્યાઓએ પાણી ભરાઈ ગયા હતા જેના લીધે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈના વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે દાદર પૂર્વ, જોગેશ્વરી, વિક્લોરી, મલાડ જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. આજે સવારે પણ મુંબઈમાં ભારે વરસાદ થયો હતો જેથી પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ હતી. પાણી ભરાઈ જવાના કારણે લોકોને સવારે નોકરી પર અવરજવર કરવામાં તકલીફ થઈ હતી. મુંબઈમાં ભારે વરસાદના કારણે પરિવહન સેવાને પણ માઠી અસર થઈ હતી. રેલવે સેવાને પણ અસર થઈ હતી. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે આગામી ૨૪ કલાકમાં મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભાગદોડ મચી ગઈ હતી. વરસાદ થાય બાદ શહેરના તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. લઘુતમ તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ ગયુ છે. શનિવાર રાતથી ભારે વરસાદ પડી રહ્યો છે જેથી ઘણી જગ્યાઓએ પાણી ભરાઈ ગયુ છે. દરમિયાન મુંબઈની સાથે સાથે રાજસ્થાનના ઘણા ભાગોમાં પણ પ્રિ-મોનસૂન વરસાદી ઝાપટા પડી રહ્યા છે જેના કારણે રાજસ્થાનના ઘણા ભાગોમાં પણ તાપમાન ઘટ્યુ છે. દેશભરમાં મોનસૂનની સમયસર એન્ટ્રી થઈ છે જેના પરિણામે ડાંગર અને અન્ય પાકની સ્થિતિમાં સુધારો રહેવાની શક્યતા દેખાઈ રહી છે.

# નરેન્દ્ર મોદીના પ્રમોશન અંગે ટૂંકમાં જ વલણ સ્પષ્ટ કરાશે

### જનતાદળ યુનાઈટેડ દ્વારા સમગ્ર મામલા ઉપર વિચારણા ચાલી રહી છે : મહારાજગંજમાં હાર અંગે પણ વાત કરી : જેડીયુના નેતા નીતિશકુમારની પ્રતિક્રિયા

નવી દિલ્હી,તા. ૧૦

ભાજપે વર્ષ ૨૦૧૪માં યોજાનારી સંસદીય ચૂંટણી માટે પ્રચાર સમિતિના વડા તરીકે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ જાહેર કરાયા બાદ આ સંબંધમાં ભાજપના સાથી પક્ષોએ પણ પોત પોતાની રીતે પ્રતિક્રિયા આપી છે. હવે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યુ છે કે જનતાદળ યુનાઈટેડ આ સંબધમાં સંપૂર્ણ વિચારણા કર્યા બાદ પોતાનું વલણ સ્પષ્ટ કરશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે પક્ષની અંદર આ મુદ્દે વિચારણા ચાલી રહી છે. પક્ષ ટૂંક સમયમાં જ આ સંબધમાં પોતાનો નિર્ણય જાહેર કરશે.

ભાજપ પ્રમુખ રાજનાથસિંહે તેમની સાથે ફોન પર વાતચીત કરી છે કે કેમ તે અંગે પુછવામાં આવતા કહ્યુ હતુ કે રાજનાથસિંહે તેમની સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરી નથી અને કોઈ પણ પ્રકારનો ફોન પણ આવ્યો નથી. બિહારમાં મહારાજગંજમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં પક્ષને મળેલી કારમી હાર અંગે પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે બુથ લેવલ પર થયેલા મતદાનને લઈને પક્ષ દ્વારા નિરિક્ષણ કરવામાં આવી રહ્યુ છે. તેમણે ઉમેર્યુ હતુ કે પ્રભુનાથસિંહ દ્વારા પાર્ટી બદલી દેવામાં આવ્યા બાદ પણ જનતાદળ યુનાઈટેડની મત ટકાવારી ઘટી નથી. તેમણે ઉમેર્યુ હતુ કે આ બેઠક પહેલા પણ જેડીયુની પાસે ન હતા. લાલુપ્રસાદ યાદવની પાર્ટીએ આ બેઠક ફરી જાળવી છે. જેડીયુનું કહેવું છે કે અડવાણીના રાજીનામાથી એનડીએની સ્થિતિ મજબુત બનશે.

## સમાચાર ઝલક

- યુવતીઓ સાવધાન! હાઇ હિલના સેકન્ડ સાંધાના દુઃખાવાને નિમંત્રણ આપે છે.
- મહાન ગાયક મન્નાડે સ્થિતિ નાજુક, ફિલ્મ જગતમાં પ્રાર્થના...
- નહેરૂજી, ઇન્દિરાજી, રાજીવજીની જાહેરાત ઉપર સૌથી વધુ ખર્ચ યથાવત રહ્યો.
- દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ઇન્ચાર્જ અધિકારીઓના હવાલે.
- ટૂંક સમયમાં જ ટુ-વ્હીલર એમ્બ્યુલન્સ રસ્તા પર દોડશે.
- અજય દેવગન અને કાજોલની રૂપેરી પડદે જોડી ફરી ચમકશે.
- બનાસકાંઠામાં ઉનાળુ બાજરીનો પાક લેવાની મોસમ પુરબહાર ખીલી ઉઠી.
- ઝારખંડમાં નકસલીઓમાં ભયથી નેતાઓ/ઉધોગપતિઓ બદૂંક ચલાવતા શીખવા લાગ્યા!!!
- અણુયુદ્ધની દહેશત વચ્ચે ઉત્તર-દક્ષિણ કોરિયાની મંત્રણાઓ.
- ખંભાળીયાના વિંઝલપુરમાં બે પૌત્ર તથા દાદીમા ડૂબી જતાં મોત.
- પોરબંદરના રતનપર ગામના સરપંચનું વીજળીનાં શોકથી નિધન.
- લઘુમતીઓ માટે ૫ સેન્ટ્રલ યુનિવર્સિટી સ્થપાશે.
- મહારાષ્ટ્રમાં દુષ્કાળને કારણે ડુંગળીના ભાવ ફરી આંસુ લાવશે.
- ૯૨ વર્ષીય બ્રિટનના મહારાણીના પતિ પ્રિન્સ ફિલિપને હોસ્પિટલમાં દાખલ કરાયા.
- શીરડીમાં સાંઇબાબા, જગદગુરૂ શંકરાચાર્ય, ઉજ્જૈનમાં મહાકાલેશ્વરની પૂજાથી કરી ધર્મમય બનેલા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી.
- સૌરાષ્ટ્રમાં ડેમોમાં વરસાદી પાણીની આવક વધી.
- આસામમાં નરબલિ ચઢાવી ગામ લોકો રાતભર નાચતાં રહ્યા, આ મામલે ૧૧ વ્યક્તિઓની ધરપકડ.
- વિશ્વમાં એક અબજ લોકોને પૂરતું ભોજન મળતું નથી.
- તાજમહેલને વધુ સ્વચ્છને સુઘડ રાખવા ઓ.એન.જી.સી.એ દત્તક લીધો.

# ડોલર સામે રૂપિયો ૫૮ની નીચી સપાટીએ

### બપોરના કારોબારમાં રૂપિયો લાઈફટાઈમ નીચી સપાટી જતાં ખળભળાટ : ઉથલપાથલના કારોબાર બાદ શેરબજારમાં અંતે ફ્લેટ સ્થિતિ રહી : આઈટીના શેરમાં તીવ્ર તેજી જામી : ઓટો અને એફએમસીજીના શેરમાં નોંધપાત્ર ઘટાડો

મુંબઈ,તા. ૧૦




શેરબજારમાં આજે ભારે ઉથલપાથલ સાથે કારોબારી થયો હોત. કારોબારના અંતે સેન્સેક્સ ૧૧ પોઈંટ ઉછળીને ૧૯૪૪૧ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ત્રણ પોઈન્ટ ઘટીને ૫૮૭૮ની સપાટીએ રહ્યો હતો. બીજી બાજુ અમેરિકી ડોલર સામે રૂપિયો બપોરના કારોબારમાં લાઈફટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. રૂપિયો અમેરિકી ડોલર સામે ૫૮ની સપાટીને સ્પર્શી ગયો હતો આની સાથે જ ડોલર સામે રૂપિયો અગાઉની ૫૭.૩૨ની સપાટીને તોડી દેતા ખળભળાટ મચી ગયો હતો. રૂપિયો આજે શુક્રવારના ૫૭.૦૬/૦૭ના બંધ આંકની સરખામણીમાં ૫૮.૧૬ની નીચી સપાટીને સ્પર્શ કર્યા બાદ ૫૮.૧૫ની સપાટીએ રહ્યો હતો. બીજી બાજુ માર્કેટમાં કારોબારના અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. કારોબારમાં ઉથલપાથલ રહેલા રોકાણકારો ચિંતિત અને દિશાહિન દેખાતા હતા. રૂપિયો આજે બપોરના કારોબાર દરમિયાન ૯૦ પૈસા ઘટીને લાઈફટાઈમ નીચી સપાટી એટલે કે ૫૭.૯૬ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. આયાતકારો અને બેંકો તરફથી ડોલરની અવિરત માંગ જારી રહી હતી. અન્ય વિદેશી ચલણ સામે અમેરિકી ડોલરની સ્થિતિ મજબુત થઈ હતી. વિદેશી સંસ્થાકિય રોકાણકારોએ શુક્રવારના દિવસે ૧૫૭.૦ કરોડની કિંમતના શેરની ખરીદી કરી હતી. માર્કેટ રેગ્યુલેટર સેબી પાસે રહેલી માહિતીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. મોટાભાગના એશિયન બજારમાં પણ સ્થિતિ ઉથલપાથલ વાળી રહી હતી. જો કે મોટા ભાગના એશિયન બજારો તેજી સાથે બંધ રહ્યા હતા. ભારતીય શેરબજારની વાત કરવામાં આવે તો બીએસઈ આઈટી ઈન્ડેક્સમાં સૌથી વધુ એક ટકાનો સુધારો રહેતા તેની સપાટી ૬૨૦૦ નોંધાઈ હતી. જ્યારે આઈટી ઈન્ડેક્સમાં પણ તેજી રહી હતી. કારણ કે ડોલર મજબુત બન્યો હતો. એમેરિકા ટીસીએસ, વિપ્રો, ઈન્ફોસિસ જેવી આઈટી સર્વિસ માટે મોટા બજાર તરીકે છે. આજે કારોબાર દરમિયાન આઈટીના શેરમાં હકારાત્મક સ્થિતિ રહી હતી. એચસીએલ ટેકમાં બે-ત્રણ દિવસથી સારી સ્થિતિ છે. ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં પણ ૫૪૯૮ની સપાટી રહી હતી. બીજી બાજુ બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં બે ટકાનો ઘટાડો રહ્યો હતો. રિયાલિટી, બેંક અને મેટલના શેરમાં દબાણની સ્થિતિ રહી હતી. વિપ્રો અને ઈન્ફોકિસમાં ૧.૬-૨ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. વિપ્રોમાં કિંમત ૩૪૩ રહી હતી. ઈન્ફોસિસમાં ઉથલપાથલ રહી ન હતી પરંતુ તેજી રહી હતી. વિપ્રો ઉપરાંત અન્ય જે શેરમાં તેજી રહી હતી તેમાં બજાજ ઓટો, એનટીપીસી, એચડીએફસી, એમએન્ડએમ, આઈટીસી અને રિલાયન્સનો સમાવેશ થાય છે. માર્કેટ બ્રિડથ આજે નબળી રહી હતી જેમાં ૨૪૪૫ શેરમાં કારોબાર રહ્યો હતો અને ૧૪૨૨ શેર મંદીમાં રહ્યા હતા. ૮૭૮ શેર તેજીમાં રહ્યા હતા.

# રાજસ્થાન રોયલ્સના રાજ કુન્દ્રા સસ્પેન્ડ

### આઈપીએલની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવા માટેનો હેતુ બીસીસીઆઈની કારોબારી સમિતિની તાકિદની મિટિંગ

નવી દિલ્હી, તા.૧૦

આઈપીએલ સ્પોટ ફિક્સીંગ અને સટ્ટા કૌભાંડથી હચમચી ઉઠેલા ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે સટ્ટાના આરોપોના આધાર પર રાજસ્થાન રોયલ્સના સહમાલિક રાજ કુન્દ્રાને સસ્પેન્ડ કરીને કઠોર કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત હાલમાં જ સ્પોટ ફિક્સીંગ અને સટ્ટાના આક્ષેપ બાદ ખરડાયેલી ટ્વેન્ટી-૨૦ લીગની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવાના પ્રયાસ રૂપે ૧૨ મુદ્દાના ઓપરેશન ક્લિનઅપની પણ જાહેરાત કરી છે. ઈમરજન્સી બેઠકના ભાગરૂપે આજે બીસીસીઆઈની શક્તિશાળી કારોબારીની બેઠક બોલાવાઈ હતી જેમાં કૌભાંડો પર ચર્ચા કરવામાં આવી હતી સાથે સાથે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કુન્દ્રાને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાયો હતો. આની સાથે જ રાજ કુન્દ્રા એવા બીજા ટીમ માલિક બની ગયા છે જેમને ક્રિકેટની પ્રવૃત્તિમાંથી સસ્પેડ કરવામાં આવ્યા છે. અગાઉ શ્રીનિવાસનના જમાઈ અને ચેન્નાઈ સુપરકિંગ્સના વડા ગુરુનાથ મેયપ્પનને પણ સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. બીસીસીઆઈ બોર્ડની વચગાળાની વ્યવસ્થાના વડા જગમોહન દાલમિયાએ આ બેઠકને ફરજિયાત પણે બોલવવાની ફરજ પડી હતી. કારણ કે દિલ્હી પોલીસનો દાવો કર્યો હતો કે રાજસ્થાન રોયલ્સના




માલિક રાજ કુન્દ્રાની પુછપરછ દરમિયાન આઈપીએલ મેચોમાં સટ્ટો રમ્યા હોવાની વાત કબૂલાત કરી છે. બીસીસીઆઈ આઈપીએલની પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે કડક પગલાં લઈ રહી છે. રાજસ્થાન રોયલ્સની ટીમમાં રાજ-શિલ્પા કુન્દ્રાના ૧૧.૭ ટકાની ભાગીદારી છે. જ્યારે સૌથી વધુ ૪૪.૨ ટકા ટ્રેસ્કો ઈન્ટરનેશનલ લિ.ના સુરેશ ચેતારામના પરિવારનો હિસ્સો છે. બોર્ડના સભ્યોએ આઈપીએલની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવાના મુદ્દા પર ચર્ચા વિચારણા કરી હતી. સાથે સાથે ઓપરેશન ક્લિનઅપના નામે એક ખાસ ઓપરેશન પણ હાથ ધર્યુ છે જેનો મુખ્ય હેતુ આઈપીએલમાંથી ભ્રષ્ટાચારને દૂર કરવાનો છે.